આંક :૪૩/બી

દાખલ કર્યા તારીખ :૦૯–૦૭–૨૦૧૮

રજી. લીધા તારીખ :૦૯–૦૭–૨૦૧૮

નિકાલ કર્યા તારીખ :૧૨–૦૨–૨૦૨૦

સમયગાળો :વર્ષ માસ દિવસ

કુલ ૦૧ ૦૭ ૦૩

મે.ના.શ્રી બીજા અધિક સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, ગાંધીધામ–કચ્છ.

સેશન્સ કેસ નંબર–૧૫/૨૦૧૮

શ્રી સરકાર ..... **ફરીયાદી**

વિ રૂ ધ્ધ

ચત્રભુજ સુધીરભાઈ રૌટારાય,
ઉ.વ.૪૩,વ્યવસાય–પ્રાઈવેટ નોકરી,
રહે.પ્લોટ નં.૧૯૫,નંદનગરજી વિદ્યાલય પાસે,
સર્વે નં.૩૯૪,ગાંધીધામ–કચ્છ. ..... **આરોપી**

સમક્ષ :– શ્રી આર.જી.દેવધરા,બીજા અધિક સેશન્સ જજ,ગાંધીધામ–કચ્છ.

બાબત :– ભારતીય દંડ સંહિતાની કલમ–૪૮૯ (ખ,ગ) મુજબ....

વકીલશ્રીઓ :– સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રી એમ.આર.જાડેજા

આરોપી તરફે વિ.વ.શ્રી એસ.એસ.ગઢવી

–:: ઠ રા વ ::–

(૧) આ કામનાં આરોપી **ચત્રભુજ સુધીરભાઈ રૌટારાય,** ઉ.વ. ૪૩, વ્યવસાય–પ્રાઈવેટ નોકરી,રહે.પ્લોટ નં.૧૯૫,નંદનગરજી વિદ્યાલય પાસે,સર્વે નં.૩૯

૪,ગાંધીધામ–કચ્છવાળા ભારતીય દંડ સંહિતાની કલમ–૪૮૯ (ખ,ગ) મુજબના ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલ છે.

(૨) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે,તા. ૨૦/૧૨/૨૦૧૬ ના રોજ કલાક ૧૭/૦૦ વાગ્યે બેન્ક ઓફ ઈન્ડીયા, ગાંધીધામ ખાતે આ કામના આરોપીએ ભારતીય ચલણની ખોટી નોટો જાણવા છતાં રૂ.૧૦૦૦/– ના દરની આઠ નોટો કુલ રૂ.૮૦૦૦/– પોતે ખરી નોટો તરીકે ઉપયોગ કરી બેન્ક ઓફ ઈન્ડીયાના કેશ ડીપોઝીટ મશીનમાં જમા કરાવી ભારતીય અર્થતંત્રને મોટું નુકશાન પહોંચાડેલ હોઈ, જેથી ઉપરોકત હકીકતે આરોપી વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી થવા સારૂ ફરીયાદ આપેલ. જે ગાંધીધામ ''એ'' ડીવીઝન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૧૭/૨૦૧૬ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૮૯(ખ)(ગ) મુજબનો નોંધીને ગુના કામના તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસના અંતે આ આરોપી વિરૂદ્ધ પુરતા પુરાવા જણાતા આરોપીને ગુનાના કામે અટક કરવામાં આવેલ તેમજ ગાંધીધામનાં વિ. અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ શ્રીની અદાલતમાં આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ કરેલ. જે ગાંધીધામનાં વિ. અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટની અદાલતમાં ફોજદારી કેસ નંબર ૧૦૧૯/૨૦૧૭ થી નોંધાયેલ છે.

(૩) આ કામના આરોપી ગાંધીધામના વિ.પાંચમા અધિક જયુડી.મેજીસ્ટ્રેટ ફ.કલાસશ્રીની અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં, ગાંધીધામના વિ. પાંચમા અધિક જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.શ્રીએ વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આરોપીને આપી, આરોપી સ્વખર્ચે વકીલ રોકવા માંગે છે કે કેમ ? કે તે વિના મુલ્યે કાનુની સહાય મેળવવા માંગે છે ? વગેરે બાબતોએ જરૂરી પુછપરછ કરી, આરોપીનું પ્રાથમિક નિવેદન નોંધવામાં આવેલ. આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૮૯ (ખ,ગ) મુજબના ગુનાના આક્ષેપો હોઈ, સદરહુ ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા તેઓશ્રીને ન

હોઈ અને સદર ગુના સંબંધે ટ્રાયલ ચલાવવાની સત્તા એકમાત્ર સેશન્સ અદાલતને હોઈ, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૯ અન્વયે ગાંધીધામ ખાતેની સેશન્સ અદાલતમાં તારીખ:૦૪–૦૭–૨૦૧૮ ના રોજ સદર કેસ કમીટ કરતા, ગાંધીધામની સેશન્સ કોર્ટમાં સેશન્સ કેસ નંબર–૧૫/૨૦૧૮ થી નોંધાયેલ છે અને તેનો હાલ ગુણદોષ ઉપર નિકાલ કરવામાં આવી રહેલ છે.

(૪) આ કામના આરોપી સામેનો કેસ સેશન્સ કમીટ થયાનો હુકમ થયા બાદ આરોપી આ અદાલત સમક્ષ હાજર થતાં, તેમને પોલીસ પેપર્સની નકલો મળેલ છે કે કેમ? તેમજ તે સ્વખર્ચે વકીલ રોકવા માંગે છે કે કેમ? તે અંગેની જરૂરી પુછપરછ કરી, આરોપી સામે તારીખ ૧૯–૦૩–૨૦૧૯ના રોજ આંક–૩ થી ઈ.પી.કોડની કલમ–૪૮૯(ખ,ગ)મુજબના ગુનાનું તહોમતનામું વાંચી સંભળાવી, તેઓની સામે ફરમાવવામાં આવેલ ગુના તેઓને કબુલ મંજુર છે કે કેમ? તે અંગે પુછપરછ કરતા, આરોપીએ આંક–૩ના તહોમતનામા મુજબના ગુના તેઓને કબુલ મંજુર ન હોવાનું જણાવી, કેસની ઈન્સાફી કાર્યવાહી તેઓ આગળ ચલાવવા માંગતા હોવાનું જણાવેલ અને તે મતલબની પ્લી આંક–૪ થી રેકર્ડ કરવામા આવેલ છે, અને આરોપી સામેના ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાં રજુ કરવામાં આવેલ છે.

–::: મૌખીક પુરાવો :::–

૦૧	સાહેદ નં ૧ પંચ સાહેદ: દયાલપુરી ખેતપુરી ગોસ્વામીની જુબાની	આંક–૮
૦૨	સાહેદ નં ૨ ફરીયાદી: સોમનાથ ગોવિંદરામ શર્માની જુબાની	આંક–૧૩
૦૩	સાહેદ નં ૩ સાહેદ: હેમેન્દ્રભાઈ નારાયણભાઈ પાઠકની જુબાની	આંક–૧૮
૦૪	સાહેદ નં ૪ સાહેદ: સાહેદ: વિશાલ અરુણકુમાર અહેલાવતની જુબાની	આંક–૨૦

૦૫	સાહેદ નં ૫ પંચસાહેદ: રમેશભાઈ રઘુનાથ પ્રધાનની જુબાની	આંક–૨૩
૦૬	સાહેદ નં ૬ પંચસાહેદ: વિજયકુમાર શીવકુમાર સીંગની જુબાની	આંક–૨૫
૦૭	સાહેદ નં ૭ પંચસાહેદ: રૂષભ સુરેશભાઈ શાહની જુબાની	આંક–૨૬
૦૮	સાહેદ નં.૮ ત.ક.અ: પ્રવિણભાઈ મગનભાઈ પરમારની જુબાની	આંક–૩૦

–:::દસ્તાવેજી પુરાવો :::–

૦૧	મુદ્દામાલ જાલી નોટ કબજે કરી તેની સાથે રાખેલ કાપલી	આંક–૧૧
૦૨	મુદામાલ જાલી નોટ કબજે કર્યા અંગેનુ પંચનામું	આંક–૧૨
૦૩	અસલ ફરીયાદ	આંક–૧૪
૦૪	સ્થાનિક જગ્યાનું પંચનામુ	આંક–૨૪
૦૫	આરોપીના ઘરની જડતી તપાસ કરવા અંગેનું પંચનામું	આંક–૨૭
૦૬	એફ.આઈ.આર નોંધણી બાબતે ની યાદી	આંક–૩૧
૦૭	ગુનાની તપાસ કરવા અંગેની યાદી	આંક–૩૨
૦૮	આરોપીના બેંક સ્ટેટમેન્ટની નકલ કાઢી આપવા કરેલ યાદી	આંક–૩૩
૦૯	આરોપીના બેંક સ્ટેટમેન્ટની નકલ	આંક–૩૪
૧૦	ડી.એસ.એફ. ગાંધીનગર ને મોકલેલ મુદામાલ અંગે રવાનગી પત્રક	આંક–૩૫
૧૧	ડી.એસ.એફ ગાંધીનગર ને મળેલ મુદામાલ અંગેની પહોચ	આંક–૩૬
૧૨	ડી.એસ.એફ.ગાંધીનગરને મોકલેલ મુદ્દામાલ ફોરવર્ડીંગ પત્રક	આંક–૩૭
૧૩	ડી.એસ.એફ.ગાંધીનગરનો મુદામાલ પૃથ્થકરણ રીપોર્ટ	આંક–૩૮

(૬) ફરીયાદપક્ષ તરફે ઉપર મુજબના પુરાવા તપાસ્યા બાદ,ફરીયાદપક્ષે વિધ્વાન એડી.પી.પી. શ્રી દવારા આંક– ૩૯ ની કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે કે, રજુ કરેલ પુરાવા સિવાય વિશેષ કોઈ પુરાવો આપવો નથી તેમજ તપાસવામાં આવેલ સાહેદો સિવાયના, બાકીના સાહેદોને ડ્રોપ કરી આ કામે પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરવામાં આવેલ છે.

(૭) આ કામે ફરીયાદપક્ષ તરફે ઉપરોકત પુરાવો પુરો થતા, આ કામે રજુ થયેલા પુરાવાને આધારે આરોપીનું સી આર.પી.સી.ની કલમ–૩૧૩ હેઠળ વધારાનો જવાબ એટલે કે, વિશેષ નિવેદન નોંધવામા આવતા, આરોપીએ જણાવેલ છે કે, તેઓએ કોઈ ગુન્હો કરેલ નથી, જેથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૮) આ કામના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

:૧: શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે સાબિત કરે છે કે,તા. ૨૦/૧૨/૨૦૧૬ ના રોજ કલાક ૧૭/૦૦ વાગ્યે બેન્ક ઓફ ઈન્ડીયા, ગાંધીધામ ખાતે આ કામના આરોપીએ ભારતીય ચલણની ખોટી નોટો જાણવા છતાં રૂ.૧૦૦૦/– ના દરની આઠ નોટો કુલ રૂ.૮૦૦૦/– પોતે ખરી નોટો તરીકે ઉપયોગ કરી બેન્ક ઓફ ઈન્ડીયાના કેશ ડીપોઝીટ મશીનમાં જમા કરાવી ભારતીય અર્થતંત્રને મોટું નુકશાન પહોંચાડી,ભારતીય દંડ સંહિતાની કલમ–૪૮૯ (ખ,ગ) મુજબનો શીક્ષાનેપાત્ર ગુનો આ અદાલતની હકુમત તળેનો કરેલ છે.?

:૨: શું હુકમ?

(૯) આ કામે ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

:૧: નકારાત્મક

:૨: આખરી હુકમ પ્રમાણે.

<u>–:: કારણો ::–</u>

(૧૦) મુદા નં ૧ ની સંયુકત ચર્ચા ::

(૧૦–એ) આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એડી.પી.પી.શ્રી એમ.આર.જાડેજા મારા સમક્ષ દલીલ કરતા જણાવે છે કે, આ કામના પંચસાહેદ દયાલપુરી ખેતપુરી ગોસ્વામીએ મુદ્દામાલ નોટો કબજે કરી તેમાં રાખેલ કાપલીમાં તથા મુદામાલ જાલી નોટ કબજે કર્યા અંગેનુ પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવી પંચનામાને સમર્થનકારી પુરાવો રજુ કરેલ છે અને આ કામના ફરીયાદી સોમનાથ ગોવિંદરામ શર્માએ પણ

ફરીયાદને સમર્થનકારી પુરાવો રજુ કરેલ છે તે સિવાય બેંક ઓફ ઈન્ડીયામાં ફરજ બજાવતા કર્મચારી એવા સાહેદ હેમેન્દ્રભાઈ નારાયણભાઈ પાઠક અને વિશાલ અરુણકુમાર અહેલાવતએ પણ ફરીયાદ હકીકતને સમર્થન આપેલ છે જયારે આ કામના સ્થાનિક જગ્યાના પંચનામાના પંચસાહેદ રમેશભાઈ રઘુનાથ પ્રધાન અને વિજયકુમાર શીવકુમાર સીંગે પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે જયારે આ કામના પંચસાહેદ રૂષભ સુરેશભાઈ શાહએ આરોપીના ઘરની જડતી તપાસ કરવા અંગેનું પંચનામું રજુ કરી તેને સમર્થનકારી પુરાવો રજુ કરેલ છે તેમજ આ કામના તપાસ કરનાર અમલદાર પ્રવિણભાઈ મગનભાઈ પરમારે પણ ફરીયાદ અનુસંધાને કાર્યવાહી કરેલ હોવાનો પુરાવો રજુ કરેલ છે તેમજ આ તપાસ કરનાર અમલદાર સાહેદે પોતાની જુબાનીમાં જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. આમ આ કામનાં આરોપી આરોપી વિરૂધ્ધનો ગુન્હો ફરીયાદપક્ષ નિ:શકપણે સાબિત કરતા હોઈ, આ કામનાં આરોપીને તકસીરવાન ઠરાવવા અરજ કરેલ છે,

(૧૦–બી) આરોપી તરફે આંક–૪૨ થી તેઓના વિધ્વાન વકીલશ્રી એસ.એસ.ગઢવી એ લેખિત દલીલ રજુ કરેલ છે જેમાં મુખ્યત્વે એવી હકીકત જણાવી છે કે, ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ પોતાનો કેસ પુરવર કરવામા અને આરોપીનો ગુનાહિત ઈરાદો હોવાની હકીકત તથા આરોપી બનાવટી નોટો બાબતે જાણકાર હોવાની હકીકત પુરવાર કરવામા અસફળ રહયો છે. વધુમાં કોઈપણ સાક્ષીએ વિશ્વાસપુર્વક એવો પુરાવો રજુ કર્યો નથી કે હાલના આરોપીએ જ કહેવાતી ખોટી નોટો પોતાના એકાઉન્ટમાં જમા કરાવી હતી. વધુમાં તેઓએ જણાવ્યું છે કે, નવેમ્બર–૨૦૧૬ માં ભારત સરકારશ્રી ધ્વારા રૂપીયા ૧૦૦૦ તથા ૫૦૦ ના દરની નોટો ડીમોનીટાઈઝેશન કરવામા આવી હતી અને તે સમયે બાબતનો દરેક નાગરીક પોતાના ખાતામાં ૫૦૦ તથા ૧૦૦૦ રૂપીયાના દરની નોટો જમા કરાવતો હતો. આ સંજોગોમાં પણ આરોપીનો છેતરપીંડી કરવાનો ઈરાદો હતો તેવું ફરીયાદપક્ષ પુરવાર કરી શકી નથી. વધુમાં પોતાની બેંકમાં જે કરન્સી નોટો જમા કરાવવા લોકો ધ્વારા આવતી તેમાં અમુક નોટો બનાવટી કરન્સી નોટો હોવાની આ

લોકોને જાણકારી પણ ન હતી. વધુમાં બનાવટો કરન્સી નોટો જમા કરાવ્યાનો જે ફરીયાદપક્ષનો કેસ છે તે નોટો પણ ચલણમાંથી રદ થયેલ નોટો હતી અને જયારે આવી નોટો ચલણમાં ન હોય ત્યારે પણ ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકી નથી. વધુમાં ફરીયાદ બનાવના દિવસે નોંધાવવામા આવી નથી,પરંતુ જયાં સુધી ફરીયાદ દાખલ થયેલ નહી ત્યાં સુધી કહેવાતી બનાવટી કરન્સી નોટો ફરીયાદી પાસે ખુલ્લી પડી રહેલ હતી અને આ સંજોગોમાં ફરીયાદી નોટો રીપ્લેશ કરી શકે તેવી સ્થિતીમાં હતા જેથી પણ શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે તેવી દલીલ કરવામા આવી છે. વધુમાં કહેવાતી બનાવટી કરન્સી નોટો કઈ રીતે ખોટી હતી તે બાબતે પ્રથમદર્શનીય પુરાવો કોઈપણ સાક્ષીઓએ રજુ કરેલ નથી. વધુમાં કહેવાતી બનાવટી કરન્સી નોટો આંકે પડેલ નથી તેમજ જે મુદ્દામાલ રજુ થયેલ છે તેને દસ્તાવેજમાં રૂપાંતરીત કરવા ફરીયાદપક્ષે પ્રયત્ન થયેલ નથી.વિશેષમાં આ કામના પંચસાહેદે કરન્સી નોટો ઓળખી બતાવી છે,પરંતુ બનાવટી કરન્સી નોટોના સીરીયલ નંબર પોતાના પુરાવામા જણાવ્યા નથી.વધુમાં આરોપીના વિ.વકીલશ્રી ગઢવી એ તેઓની લેખિત દલીલમાં ફરીયાદપક્ષના ફરીયાદી તેમજ અન્ય સાહેદોના પુરાવાને ધ્યાને રાખીને તેઓના પુરાવામાં આવેલ વિરોધાભાસી હકીકત રેકર્ડ પર લાવી તથા તેઓની ઉલટતપાસમાં બહાર આવેલ વિગતો ધ્યાને રાખીને સદર મૌખિક પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ થતો નહી હોવાની પણ ભારપુર્વક દલીલ કરવામા આવી છે. વધુમાં આ કામે જે બેંક દસ્તાવેજો રજુ થયા છે અને તે આંકે પડયા છે તે દરેક દસ્તાવેજ બેંકમાં કામ કરતા કર્મચારી,અધિકારીએ તેઓની જુબાની દરમ્યાન રીફર કરવામા આવ્યા નથી અને માત્ર આંકે પડયા છે જે ધ્યાને લઈ શકાય નહી. વધુમાં આ કામના આરોપીના ઘરમાંથી કોઈ મુદ્દામાલ કબજે કરવામા આવ્યો નથી તે હકીકત પણ ધ્યાને લેવા વિનંતી કરેલ છે તેમજ આ કામે તપાસવામા આવેલ પંચસાહેદોને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે જે ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી.આમ આ કામે ઉપરોકત હકીકતે આરોપી વિરૂધ્ધનો ગુન્હો નિ:શકપણે ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ નથી જેથી આરોપીને ઉપરોકત તમામ હકીકતે નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે. વધુમાં

બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ પોતાની ઉપરોકત દલીલના સમર્થનમાં નીચે મુજબની તમામ ઓથોરીટીઝ રજુ રાખેલ છે અને તેના પર આધાર રાખેલ છે જે તમામ વંચાણે લીધી.

(1) સ્ટેટ ઓફ હિમાચલપ્રદેશ વિરુઘ્ધ રફીક મોહમદ એન્ડ અધર્સ
૨૦૧૩(૧) ક્રાઈમ્સ–૪૦–એચ.પી.

(2) મદનલાલ શર્મા વિરુઘ્ધ સ્ટેટ
૧૯૮૯ ક્રિમીનલ લો જનરલ–૨૧૫–કલકતા

(3) એમ.મમુતી વિરુઘ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકા
૧૯૭૯ ક્રિમીનલ લો જનરલ–૧૩૮૩–સુપ્રિમકોર્ટ

(4) રઘુબીરસીંઘ વિરુઘ્ધ સ્ટેટ ઓફ દિલ્હી
૨૦૧૩ ક્રિમીનલ લો જનરલ–૩૦૩૨–દિલ્હી

(5) આદીત્ય યાદવ વિરુઘ્ધ સ્ટેટ અન્ય અધર્સ
૨૦૧૩ ક્રિમીનલ લો જનરલ–૩૩૫૨–મહારાષ્ટ્ર

(૧૧) આ કામે બંને પક્ષકારોની ઉપરોકત દલીલો ઘ્યાને લીધા બાદ આ કામે રેકર્ડ પરનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો **આ કામે ફરીયાદપક્ષે પંચસાહેદ–દયાલપુરી ખેતપુરી ગોસ્વામીને આંક–૮ થી તપાસવામા આવેલ છે.** જેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૨૦/૧૨/૧૬ ના એ ડીવી પો.સ્ટેમા તેઓને પંચમા રહેવા માટે બોલાવેલા અને જણાવેલ બેંક ઓફ ઈન્ડિયાની શાખા ગાંધીધામમા એક હજારના દરની આઠ નોટો તે ડેપ્લીકેટ હોવાનુ રીપોર્ટમા એટલે કે મશીન દ્રારા માલુમ પડેલ. પછી તેઓને જણાવવામા આવેલ કે પંચનામામા તમારે હાજર રહવુ પડશે એટલે તેઓ બેંકના કર્મચારી તરીકે હાજર રહેલા અને તેઓની સામે એ આઠ નોટો એક પ્લાસ્ટીક કવરમા ના બોકક્ષમા મુકાવામા આવેલ અને પંચ તરીકે કાગળ પર તેઓની સહી પણ લેવામા આવેલી. તેઓને મુદામાલ આર્ટીકલ નં. ૧ વાળી હજારના દરની નોટો બતાવવામા આવે છે જે નોટો તેઓની રૂબરુ

મુદામાલ તરીકે કબજે કરવામા આવેલ તે જ છે. જે ગાંધીધામમાથી કબજે કરવામા આવેલ અને ગાંધીધામમા બેંક ઓફ ઈન્ડિયામા કબજે કરવામા આવેલ તેમાથી નીકળેલ કાપલી તેઓને બતાવવામા આવે છે જેમા પંચ નં. ૧ તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવે છે જે મુદ્દામાલ કાપલી વાંધા સાથે આંક–૧૧ થી રજુ રાખેલ છે ત્યારબાદ પંચનામુ પુરુ થતા પંચનામામા સહી કરેલી. તેઓને માર્ક ૨/૩ વાળુ પંચનામુ બતાવવામા આવે છે જે જોઈને કહે છે કે પંચ નં. ૧ તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવી વાંધા સાથે આંક–૧૨ થી પંચનામું રજુ રાખેલ છે.

ત્યારબાદ આ સાહેદની ઉલટતપાસ બચાવપક્ષે વિધ્વાન વકીલશ્રી એસ.એસ.ગઢવી દવારા કરવામાં આવતા તેમા તેઓ એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓ ગાંધીધામમા બેંક ઓફ ઈન્ડિયામા નોકરી કરે છે, તેઓનો હોદો ચીફ કેશીયરનો છે, તેઓની ફરજમા તેઓને કેસનુ મેનેજમેન્ટ તેઓના હસ્તકે હોય છે, તેઓની બેંકમા કામકાજનો સમયે સવારે ૦૯:૪૫ થી સાંજના ૦૫:૪૫ વાગ્યા સુધીનો હોય છે, તેઓ એ કહી શકે નહી કે સદર પંચનામામા પંચ તરીકે રહેવા માટે તેઓને બોલાવવા કોણ આવ્યુ હતુ અને કયા આવ્યા હતા,પોલીસે પંચનામુ લખી તેઓને સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી, તેઓએ પંચનામામા સહી કર્યા પછી તેઓએ પોલીસ સ્ટેશન મુકી દીધુ હતુ. તેઓને એ યાદ નથી કે તેઓએ પોલીસને પંચનામુ લખાવેલ કે કેમ તે તેઓ અત્યારે કહી શકે નહી, તેઓની બેંકના કેસ ડીપોઝીટ મશીનમા કહેવાતી ખરી કે ખોટી નોટો જમા થયાનું તેઓને બં ેકમાથી જાણવા મળેલુ,કેશ ડીપોઝીટ મશીનમા નાણા જમા થાય ત્યાર બાદ તેના હીસાબ મેળવતા સમયે તે નાણાની કામગીરી તેઓને કરવાની શરુ થાય ત્યાર પહેલા તેઓને કોઈ કાર્યવાહી કરવાની રહેતી હોતી નથી,કેશ ડીપોઝીટ મશીનમા ખાતા ધારક જયારે તેમના નાણા જમા કરાવવા આવે તે સ્થળ પર તેઓની ફરજ હોતી નથી, કહેવાતા બનાવમા ખાતા ધારકે નાણા જમા કરાવ્યા ત્યારે તેઓ કેશ ડીપોઝીટ મશીન સમક્ષ હાજર ન હતા,કહેવાતા બનાવમા કેશ ડીપોઝીટ મશીનમા કઈ ચોકકસ વ્યકિતએ કેસ

ડીપોઝીટ મશીનમા નાણા જમા કરાવ્યા તે તેઓએ નજરે જોયેલ ન હોય તેથી તેઓ તે કહી શકે નહી.

(૧૨) આ કામે ફરીયાદપક્ષે મહત્વના એવા ફરીયાદી: સોમનાથ ગોવિંદરામ શર્માને આંક–૧૩ થી તપાસવામાં આવેલ છે, જેઓ નામ. કોર્ટ સમક્ષની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવે છે કે, ૨૦૧૬મા તેઓ બેંક ઓફ ઈન્ડિયા મુખ્ય શાખા ગાંધીધામમા સીનીયર મેનેજર તરીકે ફરજ બજાવતા હતા. તેઓ તા. ૧૫/૧૨/૧૬ ના રોજ સવારે ૦૯:૩૦ કલાકે તેઓની બેંકની શાખામા પહોચેલ અને બેંકના દરેક કર્મચારીને તેઓનુ નિર્ધારીત કામ કરવાનુ જણાવેલુ. ત્યારબાદ તેઓએ તેમનું કામ સંભાળેલુ. તેઓની શાખામા કેશ ડીપોઝીટ મશીન પણ ઉપલબ્ધ છે. સાંજે તેમાથી કેશ નીકાળ્યા બાદ શ્રી વિશાલ એહલાવત માર્કેટીંગ એકઝીકયુટીવને મશીનમાથી કેશ નીકાળ્યા પછી જણાવેલ કે મશીનમા રૂા. એક હજારના દરની આઠ નોટો નકલી મળી આવેલ છે. મશીનના વિવર્ણ મુજબ તે નોટો એકાઉન્ટ નંબર ૩૮૫૦૧૦૧૦૦૦૨૧૧૪૭ જેના એકાઉન્ટ હોલ્ડરનુ નામ હાલે તેઓને યાદ નથી. જેથી તેઓએ ગાંધીનગર તેઓની હેડ ઓફીસમા સંપર્ક કરેલો અને તેઓને જણાવવામા આવેલ કે આ સંબધે તમારે પોલીસમા ફરીયાદ કરવી જોઈએ. ખાતામા દર્શાવેલ મોબાઈલ નંબર પર સંપર્ક કરતા તથા ખાતા ધારકને શાખામા બોલાવેલ. ખાતા ધારકે બતાવેલ કે આ નોટો ઘરમાં રાખેલ હતી જે તેને જમા કરાવેલ. ત્યાર પછી તા. ૨૦/૧૨/૧૬ ના પોલીસની રૂબરુ ફરીયાદ નોંધાવેલ. ત્યારબાદ પોલીસે આગળની કાર્યવાહી કરેલી. આ ફરીયાદ ગુજરાતીમા તેઓના સ્ટાફ મેમ્બર પાસે લખાવેલ અને તેમા તેઓએ સહી કરેલી. તેઓને કોર્ટ રેકર્ડમાથી અસલ ફરીયાદ બતાવવામા આવે છે જેમા તેઓની સહી છે જે ઓળખી બતાવે છે જે અસલ ફરીયાદ વાંધા સાથે આંક–૧૪ થી રજુ રાખેલ છે.સાહેદે વધુમાં જણાવેલ છે કે, આ કેસને ઘણો લાંબો સમય થયેલ હોવાથી નોટોને ઓળખવી મુશ્કેલ છે. જે ખાતા હોલ્ડરને તેઓએ જે તે વખતે બેંકમાં બોલાવેલ હતો તેને ઘણો સમય થઈ ગયેલ હોય જેથી તેઓ તેને ઓળખી પણ શકે અને ન પણ ઓળખી શકે.

ત્યારબાદ આ ફરીયાદીની ઉલટતપાસ બચાવપક્ષે વિધ્વાન વકીલશ્રી એસ.એસ.ગઢવી દવારા કરવામાં આવતા તેમા તેઓ એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓ બેંક ઓફ ઈન્ડિયામા સીનીયર મેનેજર ની પોસ્ટ પર બનાવના સમયે ફરજ બજાવતા હતા, શ્રી હેમેન્દ્ર એન . પાઠકનાઓ તેઓની બેંકમા બનાવના સમયે ચીફ મેનેજર તરીકે ફરજ બજાવતા હતા, તેઓ બેંકમા આશરે છત્રીસ સાડત્રીસ વર્ષથી ફરજ બજાવે છે અને બનાવના સમયે ગાંધીધામામા બનાવના દિવશ પહેલા છ માસથી ફરજ બજાવતા હતા, તેઓની બેંક નેશનલરાઈઝડ બેંક છે, તેઓની બેંકના તમામ કર્મચારીઓને તેઓની બેંકના મુખ્ય પ્રબંધન તરફથી આઈ કાર્ડ (ઓળખપત્ર) ઈસ્યુ કરવામા આવે છે. ફરીયાદ દાખલ કરાવતા સમયે તેઓએ તેમનું ઓળખપત્ર તપાસ કરનાર અધિકારી સમક્ષ રજુ કરેલ નથી,ફરીયાદ દાખલ કરતા પહેલા હાલના કામમા ફરીયાદ દાખલ કરવા અધિકાર પત્ર તેઓની બેંકના ચીફ મેનેજર શ્રી પાઠક પાસેથી તેઓએ મેળવેલ નથી અને આ કામે રજુ પણ કરેલ નથી,નવેમ્બ ૨૦૧૬ ના અરસામા એ વખતના દેશના વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તે વખતના ચલણની રૂા. પાંચસો અને હજારના દરની નોટો ની ડીમોનીટાઈઝ કરવાની જાહેરાત કરવાની અને નકકી કરેલા સમય દરમ્યાન બેંકોમા, પેટ્રોલ પંપ પર અને નકકી કરાયેલ હોસ્પીટલમા ચલણમા લઈ શકાશે કે જમા કરાવી શકાશે તેવી જાહેરાત કરવામા આવેલ હતી,એ સમયે દરમ્યાન ભારતભરના તમામ નાગરીકો દ્રારા રૂા. પાંચસો અને હજારના દરની જેટલી નોટો તેમની પાસે હતી તે નોટો કાં તો બેંકમા અને અથવા પેટ્રોલ પંપ અને હોસ્પીટલોમા ચલણમા લેવાયેલી,કોઈપણ સામાન્ય વ્યકિત જેને ખોટી નોટોની નકકી કરાયેલા ચીન્હો બાબતે જાણકારી ન હોય તેવી વ્યકિત ખરી અને ખોટી નોટોનો પ્ર થમ દૃષ્ટીએ ભેદ પારખી શકે નહી તેઓએ તેમની ફરીયાદમા ખરી કે ખોટી નોટો ના ભેદ વિષે કોઈ ખાસ ચીન્હો કે જેના પરથી નોટ ખરી છે કે ખોટી તેવુ પ્રથમ દૃષ્ટીએ જાણી શકાય તેવા કોઈ ચીન્હોની યાદી કે તેવો કોઈ ઉલ્લેખ ફરીયાદમા દર્શાવેલ નથીધ મશીન દ્રારા નોટો ખોટી હોવાનુ જાણવા મળેલુ, તેઓની બેંકના ખાતાધારકોની એકઠા કરીને નોટો પર ના ચીન્હો એવા એવા હોય તો તે નોટો ખોટી ગણી શકાય તેનુ જ્ઞાન

આપવા કોઈ નિર્દેશન પ્રોગ્રામ આપેલ હોય તેવુ બનેલ નથી,સામાન્ય જનતામાથી કોઈ વ્યકિત આવી નોટોની ખાસ જાણકારી ધરાવતો ન હોય તે ખરી અને ખોટી નોટોનો ભેદ પારખી શકે નહી, તેઓની બેંકમા કેશ ડીપોઝીટ મશીન કયારે લગાવવામા આવેલ તે તેઓ કહી શકે નહી પરંતુ તેઓના આવ્યા પહેલેથી બેંકમા કેશ ડીપોઝીટ મશીન લાગેલ હતુ,આ કેશ ડીપોઝીટ મશીનની દેખરેખ, સાફસફાઈ, સર્વીશ કે અન્ય કોઈપણ મશીનને લગતી કામગીરી તેઓની ફરજમા આવતી નથી,કોઈપણ મશીનને તેના નકકી કરાયેલ સમય દરમ્યાન મશીનની સર્વીસ કે સાફ સફાઈ કે અપડેશન કરવામા ન આવે તો યાંત્રીક ખામી ઉભી થઈ શકે છે,જો મશીનમા કોઈ યાંત્રીક ખામી ઉભી થાય તો પહેલા મશીનના પરફોર્મશ કે રીઝલ્ટમા તફાવત આવી શકે, તેઓની બેંકમા લાગેલા કેશ ડીપોઝીટ મશીનની છેલ્લે કયારે સર્વીશ કરવામા આવેલ હતી તે તેઓ કહી શકે નહી,આવા યાંત્રીક મશીનમા ઉભી થયેલી યાંત્રીક ખામીને એન્જીનીયર સીવાય અન્ય કોઈ તેવી જ ખામી દુર કરી શકે નહી, તેઓની બેંકમા લાગેલા કેશ ડીપોઝીટ મશીનમાથી કહેવાતા બનાવના દિવશે ખરી કે ખોટી નોટો મશીનના બોકસમાથી તેઓએ જાતે કાઢેલી હોય તેવુ બનેલ નથી,કહેવાતા બનાવના દિવશે એકઝીકેટીવ ઓફીસર શ્રી અહેલાવતે તેઓની હાજરીમા મશીનમાથી નોટો કાઢેલ હોય તેવુ પણ બનવા પામેલ નથી,બનાવના દિવશે કેશ ડીપોઝીટ મશીનમાથી કાઢવામા આવેલ નોટો અંગેની માહીતી તેઓને શ્રી અહેલાવતનાઓએ આપેલ હતી,ઉપર જણાવ્યા મુજબ શ્રી વિશાલભાઈએ કેશ ડીપોઝીટ મશીનની અદરથી નીળકેલ નોટોની માહીતી આપેલ હોય એનો મતલબ એ થયો કે તેઓને કેશ ડીપોઝીટ મશીનમાથી નોટો અંગેની જાત માહીતી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ખોટી નોટો હોવાનુ મશીન માથી રીપોર્ટ નીકળે છે, તેઓએ તેમની હેડ ઓફીસમા બનાવ બાબતે કોની સાથે કયા હોદાના અધિકારી સાથે શુ વાત થઈ તે તેઓએ તેમની ફરીયાદમા જણાવેલ નથી,બનાવ બાબતે તેઓની હેડ ઓફીસે ફરીયાદ કરવાનુ કોઈ લેખીતમા તેઓને જણાવેલ હોય તેવુ બનેલ નથી,કોઈપણ વ્યકિતને તેઓની બેંકના કોઈ ખાતા ધારકનો ખાતા નંબર ની જાણ હોય તો તેવી વ્યકિત પણ તેઓની બેંકના ખાતા ધારકના ખાતામા નાણા જમા કરાવી શકે,

તેઓની બેંકમા જુદી જુદી તમામ વહેવાર વ્યવસ્થાઓ પર સીસીટીવી કેમેરા લાગેલા છે,બનાવના દિવશની કોઈ ચોકકસ સમયની કેશ ડીપોઝીટ મશીન કે અન્ય કોઈ સીસીટીવી કેમેરાના ફુટેજ તેઓએ ફરીયાદ દાખલ કરતા સમયે તપાસ કરનાર અધિકારીને આપેલ નથી કે તપાસ કરનાર અધિકારીએ તેવા કોઈ ફુટેજની માંગણી કરેલ નથી,બનાવના દિવશે હાલના ખાતા ધારકના ખાતામા કઈ ચોકકસ વ્યકિતએ પૈસા જમા કરાવ્યા હશે તે તેઓ કહી શકે નહી,ડીમોનીટાઈઝેશનના સમય ગાળા દરમ્યાન તમામા બેંકના ખાતા ધારકોએ તેમની પાસે રહેલ ભારતીય ચલણી નોટ પાંચસો અને હજારના દરની નોટો જમા કરાવેલ હતી.

(૧૩) આ કામે ફરીયાદપક્ષે સાહેદ: હેમેન્દ્રભાઈ નારાયણભાઈ પાઠકને આંક-૧૮ થી તપાસવામા આવેલ છે જેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ૨૦૧૬ની સાલમા બેંક ઓફ ઈન્ડિયા ગાંધીધામ મેઈન શાખા બેંકીંગ સર્કલમા નોકરી કરતા હતા અને તેઓની નોકરીનો સમય સવારના ૦૯:૦૦ સાંજે ૦૭:૦૦ વાગ્યા સુધીનો હોય છે અને તેઓની ફરજ બેંકમા સુપરવીઝન કરવાનુ હોય છે. ગઈ તા. ૧૫/૧૨/૧૬ ના રોજ તેઓ તેમની નોકરી પર સવારે નવ સાડા નવ વાગે આવેલા અને તેઓની ફરજ પર હાજર હતા ત્યારે સાંજના આશરે પાંચ સાડા પાંચ વાગે તેઓની બેંકના સીનીયર મેનેજર સોમનાથ ગોવીંદનાથ શર્માએ તેઓને જણાવેલ કે , ''આજે સાંજના આશરે પાંચ વાગે તેઓએ બેંકના દિવશ દરમ્યાન લેતી દેતીનો વહીવટ જોવા સારુ બેંકમા લાગેલ કેસ ડીપોઝીટ મશીનમા થયેલ નાણાકીય વહીવટ જોવા સારુ તેઓની બેંકમા ફરજ બજાવતા વિશાલ અરુણકુમાર અહેલાવત માર્કેટીંગ એકઝીકયુટીવને કહેલ જેથી તેઓએ કેસ ડીપોઝીટ મશીન જોઈ તેઓને જણાવેલ કે કેસ ડીપોઝીટ મશીનમાથી અલગ અલગ દરની નોટો રૂપિયા આઠ લાખ દસ હજાર જમા થયેલ છે અને તે મશીનમા રૂપિયા હજારના દરની આઠ નોટો બોકસ નં. ૨ મા જમા થયેલ છે જેથી વિશાલભાઈએ આ હજારના દરની આઠ નોટોની વિગતો તપાસણી કરી અને કેસ ડીપોઝીટ મશીનમા રૂપિયા આઠ લાખ દસ હજાર જમા થયેલા નાણાનુ

સ્ટેટમેન્ટ તથા ખોટી જમા થયેલ રૂપિયા આઠ હજારનુ સ્ટેટમેન્ટ તેઓને આપતા તેઓએ આ સ્ટેટમેન્ટ જોયેલ તેઓને જે રૂપિયા જમા થયેલા રીસીવડ સ્ટેટમેન્ટમા જોતા રૂપિયા હજાર હજારની આઠ નોટો સીરીયલ નંબર જે તે વખતે તેઓને તેમણે જણાવેલા પરંતુ હાલે યાદ નથી અને આ સ્ટેટમેન્ટમા રજુ થયેલ આઠે નોટોનુ રૂપિયા આઠે હજારનુ પરીક્ષણ કરી તેઓના બેંકની ઝોનલ ઓફીસ ગાંધીનગર ખાતે જાણ કરેલી અને તેઓએ પોલીસ ફરીયાદ દાખલ કરવાનુ કહેતા તેઓએ એકાઉન્ટ નંબર જે તે વખતે લખાવેલા હાલ તેઓને યાદ ન હોય તે નંબરના ખાતાધારકને મોબાઈલ નંબર મેળવી તેઓને બેંકમા બોલાવેલ જેથી તેઓ સાંજના સાડા પાંચ વાગે બેંકમા આવેલા અને તેમનુ નામ ઠામ પુછતા તેઓએ તે સમયે નામ જણાવેલ અને તેઓને આ નોટો બાબતે પુછતા તેઓએ જણાવેલ કે આ હજારની નોટો મારા ઘરે પડેલ હતી જે નોટો મે બેંકમા જમા કરાવેલી''. ત્યારબાદ તેઓએ સોમનાથ શર્માને જણાવેલ કે આરબીઆઈની ગાઈડલાઈન મુજબ ઉપરોકત ખાતાધારક વિરુધ્ધ આઠ હજારની ખોટી નોટો બેંક કેસ ડીપોઝીટ મશીનમા જમા કરાવેલ તેના વિરુધ્ધ ફરીયાદ કરવાનુ જણાવેલ. જેથી સોમનાથ શર્માએ પોલીસમા ફરીયાદ આપેલ અને પોલીસે આ બાબતે તેઓનું નીવેદન લીધેલ.વધુમાં સાહેદે વધુમાં જણાવેલ છે કે, આ નોટો જોયેલ કે કેમ તે તેઓને હાલ યાદ નથી, આ મુદ્દામાલ નોટો તેઓને બતાવવામા આવે તો હાલે ઓળખી શકે નહી,જે ખાતાધારકે જે તે વખતે બેંકમાં બોલાવેલ ત્યારે જોયેલા હાલે તેઓ તેમને ઓળખી શકે નહી.

ત્યારબાદ આ સાહેદની ઉલટતપાસ બચાવપક્ષે વિધ્વાન વકીલશ્રી એસ.એસ.ગઢવી દવારા કરવામાં આવતા તેમા તેઓ એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓને આ ગુના સબંધે કોઈ જાત માહીતી નથી, તેઓ આ બનાવ પહેલા ગાંધીધામ ખાતે બનાવ પહેલાના છ માસથી ચીફ મેનેજર તરીકે નોકરી કરતા હતા,કહેવાતા કેસ ડીપોઝીટ મશીનની રખરખાવ ,સંચાલન વિગેરેની જવાબદારી તેઓની ફરજમા આવતી નથી,આ કેસ ડીપોઝીટ મશીન સર્વીશ છેલ્લે કયારે કરવામા આવેલ તેમજ આ મશીન બેંકમા કયારે ઈનસ્ટોલ કરવામા આવેલ તે તેઓ જણાવી

શકે નહી, તેઓએ તેમની સરતપાસમા જણાવ્યા મુજબ ફરીયાદીશ્રીએ તેઓની સમક્ષ મૌખીક જે રજુઆત કરી તે સીવાય આ બાબતે તેઓને કોઈ અંગત માહીતી નથી, તેઓએ તેમના નીવેદનમા જણાવેલ આરબીઆઈની ગાઈડલાઈનની નકલ આ કામે તપાસ કરતા અધિકારીને આપેલ નથી,કોઈપણ મધ્યવર્ગીય વ્યકિત પાસે રૂપિયા આઠ હજાર નકદમા હોય શકે, કોઈપણ ખોટી નોટ અને સાચી નોટો પ્રાથમીક દૃષ્ટીએ જોતા એક સરખી દેખાય તેવી હોય છે,કોઈપણ ખોટી નોટ નકકી કરાયેલા ચીન્હો કે જેના પરથી કહી શકાય કે આ નોટ ખોટી છે કે સાચી તેવા વિશેષ જ્ઞાનની જાણકારી વગર સામાન્ય વ્યકિત નોટ ખોટી છે કે સાચી તેવુ નરી આંખે જોઈને કહી શકે નહી,ઉપર જણાવેલા નોટોના નકકી કરાયેલા ચીન્હો બાબતે આમ જનતામા સામાન્ય રીતે દરેક વ્યકિતને તે બાબતનુ વિશેષ જ્ઞાન હોય જ તેવુ કહી શકાય નહી.

(૧૪) આ કામે ફરીયાદપક્ષે સાહેદ–વિશાલ અરુણકુમાર અહેલાવતને આંક–૨૦ થી તપાસવામા આવેલ છે. જેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ૨૦૧૬ ની સાલમા બેંક ઓફ ઈન્ડિયા ગાંધીધામ બ્રાન્ચમા નોકરી કરતા હતા અને ત્યા તેઓ માર્કેટીંગ એકઝીકયુટીવ તરીકેનો હોદો ધરાવતા હતા. તેઓની બેંકની કામગીરી ગ્રાહકોને તેઓની બેંકની નવી નવી સ્કીમો સમજાવવાની હોય છે તે સીવાય બેંકમા અન્ય કોઈ કામગીરી કરતા હતા. બનાવના અરસામા નોટબંધી પછી બેંકમા જમા થયેલા પૈસા કાઢવાની કામગીરી કરતા હતા અને જે મશીનમાથી નોટો કાઢ વામા આવે છે તેની પુરી વિગતો એકાઉન્ટસ સાથે વિગતો બતાવવામા આવે છે તેમજ તે મશીનમા ફેક નોટો હોય તો તેની પણ વિગતો બતાવવામા આવે છે અને તે જ રીતે તે મશીનમાથી આઠ નોટો હજારના દરની ફેક નીકળેલી અને તેની સાથે એક પાવતી નીકળેલ જેમા નોટોના નંબર તેમજ કયા એકાઉન્ટથી જમા થયેલ તેની વિગત બતાવવામા આવેલ હતી. તેઓને એકાઉન્ટ નંબર યાદ નથી પરંતુ નામ યાદ છે અને તેનુ નામ ચત્રભુજ રોટારાય હતુ. પછી તેઓએ આ નોટો કેશીયરને બતાવેલ અને તેણે ચેક કરીને જણાવેલ કે આ નોટો ફેક છે જે બાબતે તેઓએ તેમના એડમીન ઈન્ચાર્જ શર્મા

સાહેબને આ ફેક નોટો બાબતે વાત કરેલી અને આ બાબતે આરબીઆઈની ગાઈડલાઈન મુજબ શર્મા સાહેબે આ ફેક નોટોની પોલીસમા ફરીયાદ આપેલી અને આ ફેક નોટો ની ઝેરોક્ષ કરી શર્મા સાહેબે અસલ તેમજ ઝેરોક્ષ નોટો કાપલી સાથે પોલીસ સ્ટેશનમા જમા કરાવેલ. આ બાબતે પોલીસે તેઓનું નીવેદન લીધેલ. આ એકાઉન્ટ હોલ્ડર ને તેઓ ઓળખે છે જે આજરોજ કોર્ટમા હાજર છે. વધુમાં સાહેદે જણાવેલ છે કે, તેઓને આજરોજ નામ.કોર્ટમાંથી હજારના દરની આઠ નોટો બતાવવામા આવે છે જે જોઈને કહે છે કે આ હોય શકે પરંતુ ચોકકસ કહી શકે નહી.

ત્યારબાદ આ સાહેદની ઉલટતપાસ બચાવપક્ષે વિધ્વાન વકીલશ્રી એસ.એસ.ગઢવી દવારા કરવામાં આવતા તેમા તેઓ એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓએ પોલીસ રૂબરુના નીવેદન સમયે તેઓએ તેમનું બેંકમા માર્કેટીંગ એકઝીકયુટીવ તરીકે કામ કરતા હોવાનુ ઓળખકાર્ડ તપાસ કરનાર અધિકારીને આપેલ નથી,કહેવાતા મશીનની મેન્ટનશની જવાબદારી તેઓની ફરજમા આવતી નથી, તેઓ એ કહી શકુ નહી કે આ મશીનની છેલ્લે સર્વીશ કયારે થઈ હોય શકે, તેઓ એ વાત સાથે સહમત થાય છે કે કોઈપણ મશીનની યોગ્ય સારસંભાળ અને રખરખાવ તેમજ સર્વીશ ન થઈ હોય તો તેમા યાંત્રીક ખામીયો ઉભી થઈ શકે,કહેવાતા મશીનમાથી નોટો કાઢી ત્યારે તેઓ એકલા હતા,હવે તેઓ કહે છે કે નોટો કાઢતા વખતે કેશીયર સાથે હોય છે. એ વાત ખરી છે કે નવેમ્બર ૨૦૧૬ ના જે તે વખતની સરકારશ્રીએ રૂપિયા હજારના દરની અને રૂપિયા પાંચસોના દરની નોટોનુ ડીમોનીટાઈઝેશન કરી દીધેલ,ખરી અને ખોટી નોટો બંને પ્રથમ દૃષ્ટીએ જોવાથી એક જ સરખી લાગતી હોય છે,કોઈપણ નોટો પર એવા કોઈ ચોકકસ ચીન્હોની જે વ્યકિતને જાણકારી ન હોય તેવી વ્યકિત પ્રથમ દૃષ્ટીએ નોટ ખરી છે કે ખોટી તે કહી શકવા શકિતમાન નથી સીવાય કે એવી ચોકકસ માહીતી અને જ્ઞાન તે ધરાવતો હોય,આવા ચોકકસ ચીન્હો બાબતની જાણકારી કે જ્ઞાન દરેક માણસને હોય શકે નહી, તેઓએ ઝોનલ ઓફીસમા કોઈપણ ઓફીસર સાથે જાતે વાત કરેલ હોય તેવુ બનેલ નથી, તેઓએ તેમના પોલીસ રૂબરુના નીવેદન સમયે સરતપાસમા જણાવેલી આરબીઆઈની ગાઈડલાઈનની નકલ તપાસ

કરનાર અધિકારી સમક્ષ રજુ કરેલ નથી, તેઓએ બનાવના દિવશે કોઈ ચોકકસ વ્યકિતને આવા મશીનમા નોટો જમા કરતા જોયેલ નથી, તેઓએ બનાવના દિવશે સરતપાસમા જણાવેલ નામ અને ખાતાધારકને કેશ ડીપોઝીટ મશીનમા નોટો જમા કરતા જોયેલ નથી,જો કોઈ વ્યકિત અન્ય કોઈ વ્યકિતના બેંકના ખાતાનંબર જાણતો હોય તો તે તેવા ખાતામા કોઈપણ રકમ જમા કરાવી શકે તે વાત સાથે તેઓ સહમત છ, તેઓ એ ચોકકસરીતે જણાવી શકુ નહી કે કહેવાતી નોટો કઈ ચોકકસ વ્યકિતએ ખાતાધારકના ખાતામા જમા કરાવી હોય શકે, તેઓએ કહેવાતી નોટો તે જ દિવશે આ કામના ફરીયાદીને સોપી આપેલ હતી, તેઓએ તેમના પોલીસ રૂબરુના નીવેદનમા એ વાત લખાવેલ નથી કે , '' *મે આ નોટો કેશીયરને બતાવેલ અને તેણે ચેક કરીને જણાવેલ કે આ નોટો ફેક છે*''.,કોઈપણ મધ્યમ વર્ગીય વ્યકિત પાસે આઠ હજાર રૂપિયા જેટલી રકમ હોય શકે તે વાત સાથે તેઓ સહમત છે.

(૧૫) આ કામે ફરીયાદપક્ષે પંચસાહેદ: રમેશભાઈ રઘુનાથ પ્રધાનને આંક–૨૩ થી તથા પંચસાહેદ: વિજયકુમાર શીવકુમાર સીંગને આંક–૨૫ થી તપાસેલ છે, તેઓ બંને પંચસાહેદો કોર્ટ સમક્ષની જુબાનીમાં આંક–૨૪ વાળા સ્થાનિક જગ્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે,પરંતુ પંચનામુ તૈયાર હોઈ પોતે માત્ર સહી કરેલ હોવાનુ તેમજ પંચનામાની અન્ય હકીકતો બાબતે તેઓ કાઈ જાણતા ન હોવાની હકીકત જણાવતા હોઈ, વિધ્વાન એ.પી.પી.શ્રીની વિનંતીથી આ તમામ પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે ત્યારબાદ વિધ્વાન એ.પી.પી.શ્રી દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ આ પંચ સાહેદો ફરીયાદપક્ષને સમર્થનકારી કોઈ જ હકીકત જણાવતા નથી તેમજ બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામાં તેઓની સહી લીધેલ અને ત્યારે તેઓ અને પોલીસ સ્ટાફ સિવાય અન્ય કોઈ હાજર ન હતું.

(૧૬) આ કામે ફરીયાદપક્ષે પંચ સાહેદ: રૂષભ સુરેશભાઈ શાહને આંક–૨૬થી તપાસવામા આવેલ છે જેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી આશરે દોઢથી પોણા બે વર્ષ અગાઉ ગાંધીધામ એ ડીવી પોલીસ ે તેઓને નંદનગર અંતરજાળ સર્વે નં. ૩૯ પ્લોટ નં. ૧ ગાંધીધામ ખાતે બોલાવેલ. ત્યા તેઓને સમજ કરેલ કે, ખોટી નોટો અંગેનુ પંચનામુ કરવાનુ છે પરંતુ અહી પ્લોટ નં. ૧ વાળા મકાનમાથી કોઈ ખોટી નોટો કે ખોટી નોટો છાપવા માટેનુ ઝેરોક્ષ મશીન બાબતે તપાસ કરતા મળી આવેલ નથી તેમજ કોઈ સ્થાનીક જગ્યાએથી કોઈ ચીજ વસ્તુ પણ કબજે કરેલ નથી. આ બાબતનુ પોલીસે તેઓની રૂબરુ ચર્તૂદિશાની વર્ણન વાળુ તેમજ મકાનની અંદર પડે ચીજ વસ્તુની નોંધ કરી ત્યાર બાદ તેઓની તેમજ બીજા પંચની સહી લીઘેલ.તેઓને માર્ક ૨/૫ વાળુ પંચનામુ બતાવવામા આવે છે જેમાં પંચ નં. ૨ તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવી આંક–૨૭ થી પંચનામું રજુ રાખેલ છે અને આ પંચનામુ કરતા સમયે આ કામના આરોપી તેમજ તેઓ તેમજ પોલીસવાળા હાજર હતા. આરોપી આજરોજ કોર્ટમા હાજર છે જેને તેઓ ઓળખુ છે જે તે દિવશે હાજર હતા.

ત્યારબાદ આ પંચસાહેદની ઉલટતપાસ બચાવપક્ષે વિધ્વાન વકીલશ્રી એસ.એસ.ગઢવી દવારા કરવામાં આવતા તેમા તેઓ એ હકીકત કબુલ રાખેલ છે કે,સદર પંચનામા સમયે તેઓ, આરોપી તથા પોલીસ સ્ટાફના માણસો સીવાય અન્ય કોઈ હાજર ન હતુ, તેઓએ પોલીસને કોઈ પંચનામુ લખાવેલ હોય અને પોલીસે તે પ્રમાણે લખી લીધા બાદ તેઓની સહી લીઘેલ હોય તેવુ બનેલ નથી.

(૧૭) આ કામે ફરીયાદપક્ષે તપાશનીશ અધિકારી: પ્રવિણભાઈ મગનભાઈ પરમારને આંક–૩૦ થી તપાસેલ છે,તેઓ કોર્ટ સમક્ષની જુબાનીમાં એવુ જણાવે છે કે,તેઓ એ ડીવી પો.સ્ટેમા ફરજ બજાવતા હતા ત્યારે તા. ૨૦/૧૨/૧૬ ના રોજ એક ફરીયાદી તેઓની રૂબરુ ફરીયાદ માટે આવેલ જે હકીકત બેંક

ઓફ ઈન્ડિયાના કર્મચારી સોમનાથ ગોવીંદભાઈ, રહે. ગાંધીધામવાળા પોતાની બેંક ઓફ ઈન્ડિયામા ફરજ દરમ્યાન બેંકમા હજારના દરની આઠ નોટ અલગ અલગ સી.નંબર વાળી ખોટી હોવાનુ જણાવતા જે વેરીફાઈડ કરી તેઓની રૂબરુ આ અંગે ફરીયાદ આપતા તેઓએ આઈપીસી ૪૮૯ ખ,ગ, મુજબ ફર્સ્ટ ૨૧૭/૧૬ તા.૨૦/૧૨/૧૬ ના કલાક ૨૦:૩૦ વાગે ફરીયાદ લીધેલ અને જેઓને તેઓ તરફ સોપવામા આવતા આ કામે તપાસ તેઓએ સંભાળેલ અને આ કામે રજુ કરેલ નોટો પંચો રૂબરુ કબજે કરી તેમજ સ્થાનીક જગ્યાનુ પંચનામુ તેમજ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લઈ વિગતવારની તપાસ કરી આ કામે કબજે કરેલ નોટોનુ એફએસએલ તપાસ સારુ તેઓએ મોકલાવેલ અને આ કામે ખોટી નોટ રજુ કરનાર આરોપી ચર્તુભુજ સુધીરભાઈનાઓની તા. ૨/૧/૧૭ ના રોજ ધોરણસર અટક કરી તેઓના વિરુધ્ધ પુરતા પુરાવા બાદ તેઓએ આ કામે તેના વિરુધ્ધ તા. ૧૮/૩/૧૭ ના રોજ ચાર્જશીટ દાખલ કરેલ અને આરોપીને નામ.કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે તેમજ જણાવેલ છે કે, તેઓને મુદ્દામાલ નોટો બતાવવામા આવે છે જે જોઈને કહે છે કે, બનાવ સમયે તેઓએ પંચનામું કરી જે નોટો કબજે કરેલ તે જ છે.

વધુમાં સદરહુ સાહેદ ધ્વારા પોતાની જુબાનીમાં આંક–૩૧ થી એફ.આઈ.આર નોંધણી બાબતે ની યાદી, આંક–૩૨ થી ગુનાની તપાસ કરવા અંગેની યાદી,આંક–૩૩ થી આરોપીના બેંક સ્ટેટમેન્ટની નકલ કાઢી આપવા કરેલ યાદી,આંક–૩૪ થી આરોપીના બેંક સ્ટેટમેન્ટની નકલ,આંક–૩૫ થી ડી.એસ.એફ. ગાંધીનગર ને મોકલેલ મુદામાલ અંગે રવાનગી પત્રક,આંક–૩૬ થી ડી.એસ.એફ ગાંધીનગર ને મળેલ મુદામાલ અંગેની પહોચ,આંક–૩૭ થી ડી.એસ.એફ.ગાંધીનગરને મોકલેલ મુદ્દામાલ ફોરવર્ડીગ પત્રક,આંક–૩૮ થી ડી.એસ.એફ.ગાંધીનગરનો મુદામાલ પૃથ્થકરણ રીપોર્ટ રજુ રાખેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ કામે સદરહુ તપાસ કરનાર અમલદાર ધ્વારા જે દસ્તાવેજો રજુ થયેલ છે તે વાંધા સાથે આંક–૩૧ થી ૩૮ આપવામા આવેલ છે.

આ સાહેદની બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં આ સાહેદ એ હકીકત કબુલ રાખેલ છે કે,ગત નવેમ્બર ૨૦૧૬ ના ભારતીય કેન્દ્ર સરકારે રૂપિયા એક હજારના દરની નોટ અને રૂપિયા પાંચસોના દરની નોટનુ ડીમોનીટાઈઝેશનની જાહેરાત કરેલ હતી,ફરીયાદીએ ફરીયાદ દાખલ કરતા સમયે ખોટી નોટો અંગેના ખાસ ઓળખ ચીન્હોની કોઈ યાદી તેઓને આપેલ નથી, તેઓએ ફરીયાદી પાસેથી ઉપરોકત જણાવેલા નોટો અંગેના કોઈ ખાસ ઓળખ ચીન્હોની યાદી માંગેલી નથી,કહેવાતી નોટો તેઓએ પંચનામાની વિગતે આરોપી પાસેથી કબજે કરેલ હોય તેવુ બનેલ નથી, કહેવાતુ કેસ ડીપોઝીટ મશીન કેવી રીતે કાર્ય કરે છે તેનુ કોઈ નીર્દેશન, પરીક્ષણ કે તે અંગેનુ કોઈ ચોકકસ પંચનામુ તેઓએ તપાસ કામે કરેલ નથી,કહેવાતા કેસ ડીપોઝીટ મશીનની ચોકકસ યાંત્રીક જાણકારીવાળા કોઈ ઈજનેરનુ મશીન બાબતે નીવેદન લીધેલ નથી કે તેમની પાસેથી કોઈ મશીન બાબતનુ પ્રમાણપત્ર મેળવેલ નથી,ફરીયાદીએ ફરીયાદમા જણાવેલ ઝોનલ ઓફીસર સાથે વાતચીત અંગેના ટેલીફોન બીલો વિગતવારના ફરીયાદીએ તેઓને તપાસ કામે આપેલ નથી, તેઓએ તપાસના કામે આ કામના આરોપીના ઘરની જડતી તપાસનુ પંચનામુ કરેલ તે દરમ્યાન ખોટી નોટો બનાવવા અંગેની કોઈ પણ પ્રકારની સાધન સામ્રગી કે વધારાની કોઈ ખોટી નોટો મળી આવેલ નહી,કોઈ રૂપિયા હજારની કે પાંચસોના દરની નોટ તેઓના હાથમા આવે અને પ્રથમ દૃષ્ટીએ નરી આંખે એ નોટ ખોટી છે તેવુ કહી શકાય તેવી કોઈ ખાસ જાણકારી તેઓ ધરાવતા નથી, તેઓના હાથમા બે એક જ દરની નોટ આવે તો તેઓ તે નોટોનુ કઈ નોટો ખરી છે કે નોટ ખોટી છે તે જણાવી શકે નહી, તેઓ એ વાત સાથે સહમત થાય છે કે ખરી અને ખોટી નોટો પ્રથમ દૃષ્ટીએ એક સરખી જ લાગતી હોય છે.

(૧૮) ઉપરોકત મુજબનો તમામ પુરાવો વંચાણે લેતા પહેલા સદરહુ કલમ તળેના તત્વો વંચાણે લેવામાં આવે તો...

ઈ.પી.કોડની કલમ ૪૮૯ (ખ)બનાવટી અથવા ખોટી ચલણી નોટો અથવા બેંક નોટોનો ખરી નોટો તરીકે ઉપયોગ કરવા બાબત....

'' જે કોઈ વ્યકિત, કોઈ ચલણી નોટ અથવા બેંક નોટ બનાવટી અથવા ખોટી છે એમ જાણવા છતા અથવા એમ માનવાને પોતાને કારણ હોવા છતાં બીજી કોઈ વ્યકિતને વેંચે અથવા તેની પાસેથી ખરીદ અથવા મેળવે અથવા બીજી રીતે તેની લેવડ દેવડ કરે અથવા ખરી નોટ તરીકે તેનો ઉપયોગ કરે તેને જન્મટીપ અથવા દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ એક પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને તે દંડને પણ પાત્ર થશે.''

ઈ.પી.કોડની કલમ ૪૮૯ (ગ) બનાવટી અથવા ખોટી ચલણી નોટો અથવા બેંક નોટો કબજામાં રાખવા બાબત...

'' જે કોઈ વ્યકિત, કોઈ ચલણી નોટ અથવા બેંક નોટ તે બનાવટી અથવા ખોટી છે એમ જાણવા છતા અથવા એમ માનવાને કારણ હોવા છતા અને તેનો ખરી નોટ તરીકે ઉપયોગ કરવાના અથવા ઉપયોગ કરવામાં આવે એવા ઈરાદાથી પોતાના કબજામાં રાખે, તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ એક પ્રકારની કેદની, અથવા દંડની અથવા, તે બંનેની શિક્ષા કરવામાં આવશે. ''

(૧૯) આ કામે આરોપીએ બેંકમાં જમા કરાવેલ ભારતીય ચલણની નોટો બનાવટી હતી કે કેમ અને તે અંગેની જાણકારી આ કામનાં આરોપી ધરાવતા હતા કે કેમ તેમજ તેમનો ઈરાદો આ બનાવટી નોટોને બજારમાં ફરતી કરવાનો હતો કે કેમ તે હકીકત પુરવાર કરવી આ કામે ખુબજ જરૂરી અને અતિ મહત્વની છે અને તે હકીકત ફરીયાદપક્ષે નિ:શકપણે પુરવાર કરવી જોઈએ.તે બાબતે ફરીયાદપક્ષનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, ફરીયાદપક્ષે આંક–૮ થી દયાલપુરી ખેતપુરી ગોસ્વામીને પંચ

તરીકે તપાસ્યા છે કે જેઓ આંક–૧૧ થી રજુ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે તથા મુદ્દામાલ ૧૦૦૦ ના દરની નોટો તેમની રુબરુ કબજે કરવામા આવી હોવાની હકીકત જણાવે છે,પરંતુ આ સંદર્ભમાં તેમની ઉલટતપાસ જોઈએ તો તેઓને પંચનામામાં પંચ તરીકે રહેવા માટે બોલાવવા કોણ આવ્યું હતું તે બાબતે તેમને માહિતી નથી અને પોલીસે પંચનામું લખી સહી કરવાનું કહેતા તેમણે સહી કરી હોવાનું જણાવ્યું છે. આ પંચસાહેદ પોતે જે તે બેંકના કર્મચારી છે. આ પંચસાહેદે પોતાની ઉલટતપાસમાં એવી હકીકત કબુલ રાખી છે કે, કેશ ડીપોઝીટ મશીનમાં ખાતાધારક જયારે તેમના નાણા જમ કરાવવા આવે તે સ્થળ પર તેઓની ફરજ હોતી નથી,કહેવાતા બનાવમાં ખાતાધારકે નાણા જમા કરાવ્યા ત્યારે તેઓ કેશ ડીપોઝીટ મશીન સમક્ષ હાજર ન હતા અને કહેવાતા બનાવમાં કેશ ડીપોઝીટ મશીનમાં કઈ ચોકકસ વ્યકિતએ કેસ ડીપોઝીટ મશીનમાં નાણા જમા કરાવ્યા તે તેઓએ નજરે જોયેલ ન હોય તેથી તેઓ તે કહી શકે નહી. આમ આ પંચસાહેદે પંચનામાને સમર્થન આપ્યું છે,પરંતુ તેઓની ઉલટતપાસમાં બહાર આવેલ હકીકત ધ્યાને લેતા હાલના આરોપીએ જ કેશ ડીપોઝીટ મશીનમાં નાણા જમા કરાવ્યા હોવાની હકીકતને આ પંચસાહેદે સમર્થન આપ્યું નથી.

(૧૯.૧) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૩ થી ફરીયાદી એવા બેંકના પદાધિકારી સોમનાથ ગોવિંદરામ શર્માને તપાસ્યા છે અને તેઓ તા.૧૫/૧૨/૧૬ ના રોજ સાંજે શ્રી વિશાલ એહલાવત કે જેઓ આ બેંકમાં એકઝીકયુટીવ છે તેઓએ મશીનમાં રૂપીયા ૧૦૦૦ ના દરની નકલી નોટો મળી આવી હોવાનો રીપોર્ટ કરેલ હતો અને આ નોટો આરોપીના એકાઉન્ટ નંબરમાંથી નીકળી હોવાનું જણાવ્યું છે અને ત્યારબાદ ખાતાધારકના મોબાઈલ નંબર પર સંપર્ક કરી ખાતાધારકને બોલાવવામા આાવ્યા હોવાનું અને ખાતાધારકે બતાવેલ કે આ નોટો ઘરમાં રાખેલ હતી જે તેઓએ જમા કરાવેલ છે,પરંતુ ખાતાધારક કે જેઓને બેંકમાં બોલાવવામા આવેલ એટલે કે હાલના આરોપીને તેઓ ઓળખી શકયા નથી . આમ માત્ર પોતાની સરતપાસમાં હાલના

આરોપીના બેંક એકાઉન્ટ નંબરમાં કેશ જમા કરાવવામાં આવી હોવાનો પુરાવો ફરીયાદપક્ષે આ સાહેદના પુરાવાથી રજુ થયો છે. આ ફરીયાદીની ઉલટતપાસ ધ્યાને લઈએ તો તેઓએ આંક–૧૪ થી રજુ ફરીયાદ નોંધાવી છે,પરંતુ નોટો તથા આરોપીને ઓળખી બતાવ્યા નથી તે પણ હકીકત છે. જે તે સમયે ડીમોનીટાઈઝનો સમય હોવાની હકીકત પણ તેમણે સ્વિકારી છે અને એવી હકીકત પણ તેમણે જયારે કબુલ રાખી હોય કે, કોઈપણ સામાન્ય વ્યકિત જેને ખોટી નોટોની નકકી કરાયેલા ચીન્હો બાબતે જાણકારી ન હોય તેવી વ્યકિત ખરી અને ખોટી નોટોનો પ્રથમ દૃષ્ટિએ ભેદ પારખી શકે નહી. આ ફરીયાદી સાહેદે પણ મશીન ધ્વારા ખોટી નોટો હોવાનું જાણવા મળ્યું હોવાનું કબુલ રાખેલ છે.આ બેંક અધિકારી પ્રથમ નજરે નોટ ખોટી હોવાનું જણાવી શકે તેમ નથી તેઓ ડીપોઝીટ મશીનમાં મુદ્દામાલ નોટો ખોટી હોવાનું જણાવે છે જયારે એ હકીકત પણ કબુલ રાખી હોય કે સામાન્ય જનમાનસમાંથી કોઈ વ્યકિત આવી નોટોની ખાસ જાણકારી ધરાવતો ન હોય તે ખરી અને ખોટી નોટોનો ભેદ પારખી શકે નહી. આ સાહેદની ઉલટતપાસમાં એ હકીકત પણ બહાર આવી છે કે, જો મશીનમાં કોઈ યાંત્રીક ખામી ઉભી થાય તો પહેલા પહેલા મશીનમાં પરફોર્મશ કે રીઝલ્ટમાં તફાવત આવી શકે છે અને મશીનની કયારે સર્વીસ થઈ હતી તે પણ તેઓ કહી શકે નહી તે હકીકત પણ ફરીયાદપક્ષની વિરુધ્ધમાં જાય છે. કેશ ડીપોઝીટ મશીનમાં મુદ્દામાલ નોટો તેમણે જાતે કાઢી નથી કે શ્રી અહેલાવતે પણ આ મશીનમાંથી તેઓની હાજરીમાં નોટો કાઢેલ હોય તેવું પણ બનવા પામેલ નથી. આમ ખરેખર આરોપીના ખાતામાંથી નોટો મળી આવી છે તેવું નિ:શંકપણે માની શકાય તેમ નથી. મહત્વની હકીકત એ છે કે, આ સાહેદે સ્વિકાર્યુ છે કે, જો કોઈપણ વ્યકિત તેઓની બેંકના કોઈ ખાતાધારકના ખાતાનંબરની જાણ હોય તેવી વ્યકિત તેઓની બેંકના ખાતાધારકના ખાતામાં નાણા જમા કરાવી શકે છે,તેઓની બેંકમા જુદી જુદી તમામ વહેવાર વ્યવસ્થાઓ પર સીસીટીવી કેમેરા છે તથા બનાવના દિવસે કોઈ ચોકકસ સમયની કેશ ડીપોઝીટ મશીન કે અન્ય કોઈ સીસીટીવી કેમેરાના ફુટેજ તેમણે ફરીયાદ દાખલ કરતા સમયે તપાસ કરનાર અધિકારીને આપેલ નથી કે તપાસ કરનાર અધિકારી પણ

આવા કુટેજની માંગણી કરેલ નથી અને તેમણે એવી હકીકત પણ કબુલ રાખી છે કે, બનાવના દિવસે હાલના ખાતાધારક આરોપીના ખાતામાં ચોકકસ કઈ વ્યકિતએ પૈસા જમા કરાવ્યા તે તેઓ કહી શકે નહી ત્યારે પણ આરોપીને શંકાનો લાભ મળવાપાત્ર છે. મહત્વની હકીકત એ છે કે, કેશ ડીપોઝીટ મશીનમાં પણ સીસીટીવી કેમેરા હોય છે. આમ જો કોઈ વ્યકિત કેશ ડીપોઝીટ કરાવે તેના ફોટા સીસીટીવી કેમેરામાં આવી જ જાય,પરંતુ હાલના આરોપી જે તે તારીખે અને સમયે આ બેંકના કેશ ડીપોઝીટ મશીનની મુલાકાત લીધી હતી તેવી હકીકત દર્શાવતો પુરાવો પણ રેકર્ડ ઉપર ન હોય ત્યારે હાલના આરોપીએ જ કેશ ડીપોઝીટ મશીનમાં આ ખોટી નોટો જમા કરાવી હોવાનું અનુમાન અત્રેની કોર્ટ કરી શકે નહી અને આ હકીકત ફરીયાદપક્ષે પણ સાબિત કરી નથી તેવું જણાઈ આવે છે.આમ આ કામમાં બનાવટી નોટો અંગેની ફરીયાદ આંક-૧૪ થી રજુ થઈ છે,પરંતુ આ બનાવટી નોટો હાલના આરોપીએ કેશ ડીપોઝીટ મશીનમાં જમા કરાવ્યાનું રજુ પુરાવાથી નિ:શંકપણે માની શકાય તેમ ન હોય તે સંજોગોમાં શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે.

(૧૯.૨) આ કામે ફરીયાદપક્ષે આંક-૧૮ થી બેંકના અન્ય કર્મચારી હેમેન્દ્રભાઈ નારાયણભાઈ પાઠકને તપાસ્યા છે અને તેઓની સરતપાસ ધ્યાને લેતા જણાય છે કે, રૂપીયા ૮૦૦૦/- ની નોટો જમા થયેલ જે નોટો અંગેનું સ્ટેટમેન્ટ જોયેલ અને તે સ્ટેટમેન્ટમાં કયાં એકાઉન્ટમાં જમા થયેલ તે જણાવેલ છે,પરંતુ એકાઉન્ટ નંબર તેમની જુબાનીમાં જણાવ્યા નથી, નોટોના સીરીયલ નંબર તેમની જુબાનીમાં જણાવ્યા નથી, ખાતાધારકને મોબાઈલ ઉપર કોન્ટેકટ કરીને બોલાવવામા આવ્યા છે,પરંતુ તેઓ કોણહતા તેમનું નામઠામ આ સાહેદને યાદ નથી અને માત્ર ખાતાધારકે તેમના ઘરે પડેલી નોટો બેંકમાં જમા કરાવી હોવાનું જણાવે છે મુદ્દામાલ નોટો પણ આ સાહેદ ઓળખી બતાવતા નથી કે આરોપીને ઓળખી બતાવતા નથી.આમ આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને તેમનો કેસ પુરવાર કરવામા મદદકર્તા થતો નથી. વધુમાં આ સાહેદે પણ કેશ ડીપોઝીટ મશીન સર્વીસમાં કયારે આપ્યું તે જણાવી શકયા નથી. આ સાહેદે એવી

હકીકત કબુલ રાખી છે કે, કોઈપણ મધ્યમવર્ગીય વ્યકિત પાસે આઠ હજાર નકદમાં હોઈ શકે તથા કોઈપણ ખોટી નોટ અને સાચી નોટો પ્રાથમિક દૃષ્ટિએ જોતા એકસરખી દેખાય તેવી હોય છે અને આ ખોટી નોટ હોવાનું સામાન્ય વ્યકિત કહી શકે નહી. હાલના આરોપી પાસેથી ફરીયાદપક્ષના કેસ મુજબ રૂપીયા આઠ હજારની સીરીયલ બનાવટી નોટો મળી આવી હોવાનો આરોપ છે,પરંતુ આ ચલણી નોટો ખોટી હોવાની જાણકારી આરોપીને હતી અને છતાં તેમણે બેંકમાં જમા કરાવી હોય તેવો ફરીયાદપક્ષનો કેસ નથી. આ સંજોગોમાં પણ શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે.

(૧૯.૩) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૦ થી બેંકના અન્ય કર્મચારી વિશાલ અરુણકુમાર અહેલાવતને તપાસ્યા છે. જેઓએ પણ કેશ ડીપોઝીટ મશીનમાંથી ૮૦૦૦ રૂપીયાની નોટો ફેક નીકળેલ હોવાનું જણાવ્યું છે અને મશીનમાંથી પાવતી નીકળેલ જમા નોટોના નંબર તથા કયા એકાઉન્ટમાંથી તે જમા થઈ છે તે વિગતો હતી ,પરંતુ એકાઉન્ટ નંબર આ સાહેદને યાદ નથી તથા આરોપીનું નામ તેમણે જણાવ્યું છે તેમજ બનાવટી કરન્સી મુદ્દામાલ નોટો તેમણે ઓળખી બતાવી છે તથા આરોપીને પણ કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે. ઉપરોકત સાહેદની સરતપાસમાં બહાર આવેલી હકીકત અનુસંધાને તેઓની ઉલટતપાસ જોઈએ તો તેમણે પણ એ હકીકત કબુલ રાખી છે કે, મશીનમાં યાંત્રિક ખામી ઉભી થઈ શકે છે અને જયારે નોટો કાઢવામા આવી ત્યારે તેઓ એકલા હતા અને ત્યારબાદ નોટો કાઢતી વખતે કેશીયર સાથે હોવાનું જણાવે છે. આમ જે તે સમયે તેઓ એકલા હતા કે કેશીયર સાથે હતા તે હકીકત રેકર્ડથી સ્પષ્ટ થતી નથી. આમ આ સાહેદે એ હકીકત કુલ રાખી છે કે,બનાવના દિવસે કોઈ ચોકકસ વ્યકિતને આવી નોટો જમા કરાવતા જોયેલ નથી કે સરતપાસમાં જણાવેલ નામ અને ખાતાધારકને કેશ ડીપોઝીટ મશીનમાં નોટો જમા કરાવતા જોયેલ નથી તથા જો કોઈ વ્યકિત અન્ય કોઈ વ્યકિતના બેંકના ખાતાનંબર જાણતો હોય તો તેવા ખાતામાં કોઈપણ રકમ જમા કરાવી શકે તે હકીકત સાથે પણ સંમત થાય છે. આમ આ સાહેદના પુરાવાથી પણ એ હકીકત રેકર્ડ પર આવી છે કે, જયારે હાલના આરોપીને કેશ ડીપોઝીટ

મશીનમાં રકમ જમા કરાવતા જ કોઈએ જોયેલ ન હોય કે તે અંગેના સીસીટીવી મુજબનો પુરાવો પણ રેકર્ડ પર મળી શકે તેમ હોવા છતાં રજુ થયો ન હોય ત્યારે માત્ર ખાતાધારના ખાતામાં નોટો જમા થયા અંગેની અને આરોપીને ઓળખી બતાવ્યાનો પુરાવો આ સાહેદે આપેલ છે તેના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૧૯.૪) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૩ અને ૨૫ થી પંચસાહેદ રમેશભાઈ રઘુનાથપ્રધાન તથા વિજયકુમાર શીવકુમાર સીંગને તપાસ્યા છે. જેઓએ આંક–૨૪ થી રજુ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે,પરંતુ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી.

(૧૯.૫) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૬ થી પંચસાહેદ રૂષભ સુરેશભાઈ શાહને તપાસ્યા છે તેઓની જુબાનીથી પણ જણાય છે કે, પ્લોટ નં.૧ વાળા મકાનમાંથી કોઈ ખોટી નોટો કે ખોટી નોટો છાપવા માટેનું મશીન મળી આવ્યું નથી. આમ હાલના આરોપીએ પોતાના ઘરે નોટો છાપવાનું મશીન રાખ્યું હોય તેવું ફરીયાદપક્ષના પુરાવાથી સ્પષ્ટ થતું નથી કે આવી કોઈ હકીકત રેકર્ડ પર આવતી ન હોય ત્યારે પણ જો આ હકીકત માની લેવામા આવે તો પણ જમા કરાવવામાં આવેલ નોટો બનાવટી કરન્સી હતી તે સંજોગોમાં પણ આરોપીનો ગુનાહિત ઈરાદો જ્યાં સુધી રેકર્ડ પર આવતો ન હોય ત્યાં સુધી આવા પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૧૯.૬) આ કામે ફરીયાદપક્ષે આંક–૩૦ થી તપાસ કરનાર અમલદાર પ્રવીણભાઈ મગનભાઈ પરમારને તપાસ્યા છે. તેઓએ પોતાની સરતપાસમાં તેમણે યોગ્ય તપાસ કરી ચાર્જશીટ દાખલ કર્યુ હોવાનું તથા જરૂરી દસ્તાવેજો પ્રાપ્ત કરી રજુ કર્યા હોવાનું જણાવ્યું છે. આ સાહેદ તપાસ કરનાર અમલદારની ઉલટતપાસ જોઈએ તો મુદ્દામાલ નોટો પંચનામાની વિગતે આરોપી પાસેથી કબજે કરી હોય તેવું બન્યું નથી તેમજ કેશ ડીપોઝીટ મશીન કેવી રીતે કાર્ય કરે છે તેનો નિર્દેશ કે પરીક્ષણ પણ

પંચનામું કરીને કરવામા આવ્યું નથી અને કેશ ડીપોઝીટ મશીનમાં યાંત્રિક ખામી હતી કે કેમ તે બાબતે પણ તેમણે તપાસ કરી નથી કે કોઈ નિવેદન લીધેલ નથી. આરોપીના ઘરની જડતી તપાસ કરનાર અમલદારે કરી છે,પરંતુ તે દરમ્યાન ખોટી નોટો બનાવવાનું કોઈપણ પ્રકારનું સાધન કે વધારાની કોઈ ખોટી નોટો આરોપીના ઘરમાંથી મળી આવી નથી,સામાન્ય વ્યકિત પ્રથમ નજરે નોટ ખરી છે કે કેમ તે ઓળખી શકે નહી તે સાથે તપાસ કરનાર અધિકારી પણ સંમત થયા છે. આમ, બચાવપક્ષને મદદરૂપ થાય તેવી ઘણી હકીકત ઉલટતપાસમાં બહાર આવી છે. મહત્વની હકીકત એ છે કે, આરોપીના ઘરમાં નોટો બનાવવાનું મશીન મળી આવ્યું નથી, આરોપીએ જે નોટો જે તે બેંકમાં પોતાના ખાતામાં જમા કરાવી હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવ્યો નથી તેમજ કેશ ડીપોઝીટ મશીન યોગ્ય રીતે કામ કરતું હતું કે કેમ તે અંગેની કોઈ વિગતો રેકર્ડ પર આવી નથી જેથી પણ શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. આ સંદર્ભમાં અત્રેની કોર્ટ સમક્ષ બચાવપક્ષે નામદાર હિમાચલપ્રદેશ હાઈકોર્ટ,નામદાર કલકતા હાઈકોર્ટ, નામદાર દિલ્લી હાઈકોર્ટ,નામદાર બોમ્બે હાઈકોર્ટ તથા સુપ્રિમકોર્ટના ચુકાદાઓ રજુ રાખી તેના પર આધાર રાખેલ છે. જેમાં એમ.મમુતી વિરુધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકા ૧૯૭૯ ક્રિમીનલ લો જનરલ–૧૩૮૩–સુપ્રિમકોર્ટના ૧૯૭૯(૪) એસ.સી.સી. ૬૨૩ માં ઠરાવવામા આવ્યું છે કે, જયારે બનાવટી કરન્સી રીકવર કરવામા આવી હોય અને તે મુજબનો ફરીયાદપક્ષનો કેસ હોય ત્યારે આવી વ્યકિત બનાવટી કરન્સી બાબતે અગાઉથી જ જાણતો હતો અને માહિતગાર હતો તે હકીકત પુરવાર કરવી જોઈએ તથા મળી આવેલ નોટ પ્રથમ દૃષ્ટિએ જ બનાવટી લાગતી હોય તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. વધુમાં સ્ટેટ ઓફ હિમાચલપ્રદેશ વિરુધ્ધ રફીક મોહમદ એન્ડ અધર્સ ૨૦૧૩(૧) ક્રાઈમ્સ–૪૦–એચ.પી.ના ચુકાદાના પેરા–૧૦ ઉમાશંકર વિરુધ્ધ સ્ટેટ ઓફ છતીસગઢ ૨૦૦૧ ૯ એસ.સી.સી. ૬૪૨ ના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું છે કે, પુરાવાના કાયદાની કલમ–૪ મુજબ એવું અનુમાન કરી શકાય નહી કે કરન્સી નોટો ફેક હતી,પરંતુ ફરીયાદપક્ષે એ હકીકત પુરવાર કરવાની રહે કે આરોપી કરન્સી બનાવટી હોવા બાબતથી માહિતગાર હતો તથા

ઈ.પી.કોડની કલમ–૪૮૯(બી)(સી) મુજબનો ગુનો તે એવી વ્યકિત વિરુઘ્ધ લાગુ પાડી શકાય નહી કે જેની પાસેથી માત્ર બનાવટી કરન્સી નોટો મળી આવી હોય. આમ બનાવટી કરન્સી હોવાની જાણકારી સહિત જો તેનો ઉપયોગ કરવામા આવ્યો હોય તેવા કિસ્સામાં જ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. હાથ ઉપરના કેસમાં આરોપી બનાવટી કરન્સી હોવાની જાણકારી ધરાવતો હોવાની મહત્વની હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. તેવી જ રીતે આરોપીએ જ પોતાના ખાતામાં ખોટી નોટો જમા કરાવી હોય તેવું પણ નિ:શંકપણે માનવલાયક પુરાવો રેકર્ડ પર રજુ થયો નથી. આ કામે સીસીટીવી ફુટેજ કેમેરા હોવા છતાં આવા કોઈ ફુટેજ મેળવ્યા નથી કે જેનાથી સ્થળ પર આરોપીની પ્રથમદર્શનીય હાજરી પુરવાર કરી શકાય.હાલના કેસમાં પણ ફરીયાદપક્ષ આરોપી વિરુઘ્ધ શંકાથી પર કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય,આરોપી ઉપરોકત વિગતથી ઉપસ્થિત થતી શંકાનો લાભ મેળવવા હકકદાર જણાય છે. આમ ઉપર ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષ એ હકીકત સાબીત કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે કે, તા.૨૦/૧૨/૨૦૧૬ ના રોજ કલાક ૧૭/૦૦ વાગ્યે બેન્ક ઓફ ઈન્ડીયા, ગાંધીધામ ખાતે આ કામના આરોપીએ ભારતીય ચલણની ખોટી નોટો જાણવા છતાં રૂ.૧૦૦૦/– ના દરની આઠ નોટો કુલ રૂ.૮૦૦૦/– પોતે ખરી નોટો તરીકે ઉપયોગ કરી બેન્ક ઓફ ઈન્ડીયાના કેશ ડીપોઝીટ મશીનમાં જમા કરાવી ભારતીય અર્થતંત્રને મોટું નુકશાન પહોંચાડેલ જેથી મુદા નંબર–૧ નો નિર્ણય ઉપરોકત ચર્ચા મુજબ નકારમાં ઠરાવી, અને મુદા નંબર–૨ પરત્વે નીચે મુજબનો છેવટનો હુકમ ફરમાવું છું.

<u>–:: આખરી હુકમ ::–</u>

(૧) આ કામના આરોપી : **ચત્રભુજ સુધીરભાઈ રૈટારાય,** ઉ.વ.૪૩,વ્યવસાય–પ્રાઈવેટ નોકરી,રહે.પ્લોટ નં.૧૯૫,નંદનગરજી વિદ્યાલય પાસે, સર્વે નં.૩૯૪,ગાંધીધામ–કચ્છવાળાને સી આર.પી.સી.ની કલમ–૨૩૫(૧)

મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૮૯ (ખ,ગ) મુજબના શીક્ષાનેપાત્ર ગુનામાંથી **શંકાનો લાભ આપી** છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) હાલના કામે જો અપીલ થાય તો એપેલેટ ઓથોરીટી સમક્ષ હાજર રહેવા માટે આરોપીએ રુા.૫૦૦૦/– ના સ્થાનિક તેમજ સઘ્ઘર જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા સી. આર.પી.સી.ની કલમ ૪૩૭(એ) મુજબનાં રજુ કરવા.

(૩) આ કામે રજુ થયેલ મુદ્દામાલ પાવતી નં.૨૬૦ /૧૬ તા. ૨૦/૧૨/૨૦૧૬ માં જણાવેલ મુદ્દામાલ બનાવટી ચલણી નોટોનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો આથી હુકમ કરવામા આવે છે.

(૪) ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૩૬૫ ની જોગવાઈ અન્વયે આ હુકમની એક નકલ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી,કચ્છ–ભુજનાઓને મોકલી આપવી.

હુકમ આજરોજ તા.૧૨મી,માહે.ફેબ્રુઆરી,સને.૨૦૨૦ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

સહી/–

તારીખ–૧૨/૦૨/૨૦૨૦.
ગાંધીધામ–કચ્છ.

(રાજદીપસિંહ ગુમાનસિંહ દેવધરા.)
બીજા અધિક સેશન્સ જજ
ગાંધીધામ–કચ્છ.
કોડ નં.જીજે–૦૦૪૪૨.